# District Health Society

**District Programme Management Unit**

S / 4, Bahumali Bhavan, 2nd Floor, Nilambaug Circle, Bhavnagar (Gujarat).Ph:(0278) 2512443.


નં.જિ.પં/આરો/પી.એ.ન્યુટ્રીશન/NDD- રાઉન્ડ/ ૨૯ /૧૮-૧૯ તા: 16/01/2019

પ્રતિ

1) તાલુકા શિક્ષણ અધિકારી.શ્રી, તમામ......

2) બી.આર.સી./સી.આર.સી.શ્રી, તમામ.....

3) આચાર્યશ્રી તમામ.....

4) સી.ડી.પી.ઓ.શ્રી, તમામ.....

5) મેડીકલ ઓફીસરશ્રી, પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર તમામ....

6) અર્બન હેલ્થ ઓફીસરશ્રી, અર્બન હેલ્થ સેન્ટર તમામ....

7) મુખ્ય સેવિકા, તમામ......

વિષય :- નેશનલ ડી વોર્મિંગ ડે(રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ) રાઉન્ડ ઉજવવા બાબત

સંદર્ભ :- મા.અધિક નિયામકશ્રી ગાંધીનગર ના પત્ર નં 470/પક/એસ.એન.સી/એન.ડી.ડી.રાઉન્ડ/વિટામીન-એ / ફેબ્રુઆરીઅને માર્ચ/રાઉન્ડ/૨૦૧૮-૧૯, તા:7/01/2019

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે થયેલ સુચના મુજબ ભાવનગર જિલ્લામાં 8 ફેબ્રુઆરી 2019 ના રોજ ભારત સરકાર દ્વારા ૧ થી ૧૯ વર્ષ ના તમામ બાળકોમાં કૃમિ નિયંત્રણ માટે નેશનલ ડીવોર્મિંગ ડે (NDD) તેમજ 14 ફેબ્રુઆરી 2019 ના રોજ મોપ અપ ડે કાર્યક્રમ નક્કી કરવામાં આવેલ છે.

- જે અંતર્ગત, ૧ થી ૫ વર્ષ ની વય જુથના આંગણવાડી ખાતે નોંધાયેલ તેમજ ન નોંધાયેલ તમામ બાળકોને એકજ દિવસે સામુહિક પ્રયત્નો દ્વારા માસ ડીવોર્મિંગ પ્રવુતિ કરી કૃમિનાશક ની ગોળી ગળાવવાની રહેશે.
- શાળાએ જતા તેમજ ન જતા તમામ બાળકોને એકજ દિવસે સામુહિક પ્રયત્નો દ્વારા માસ ડીવોર્મિંગ પ્રવુતિ કરી કૃમિનાશક ની ગોળી ચાવીને ગળાવવાની રહેશે.
- આ પ્રોગ્રામનુ શિક્ષકો, આંગણવાડી કાર્યકર/તેમજ આશાબેન ની મદદ થી આરોગ્ય કાર્યકર દ્વારા માઇક્રો પ્લાન બનાવી અત્રેની કચેરીએ તા.5/02/2019 સુધીમાં મોકલી આપવાનુ રહેશે.
- દરેક શાળામાં NDD ની તમામ કામગીરી માટે નોડલ શિક્ષક નક્કી કરવાના રહેશે.
- આ કાર્યક્રમ 8 ફેબ્રુઆરી 2019 ના રોજ દરેક સ્કુલ માં તેમજ આંગણવાડી ખાતે આંગણવાડી કાર્યકર/વર્કર દ્વારા દરેક બાળકને આલ્બેન્ડાઝોલ ની ગોળી ખવડાવાની રહેશે.
- જો બાળક બિમાર હોય અથવા બીજી કોઇ સારવાર ચાલુ હોય તે બાળકને આ ગોળી ગળાવવી નહી.
- આ ગોળી શિક્ષક, આંગણવાડી કાર્યકર/વર્કર તેમજ આરોગ્ય કાર્યકર/આશાબેન ના સુપરવીઝન હેઠળ ગોળી ગળાવવા ની રહેશે પરંતુ ઘરે લઇ જવા આપવી નહી.
- આ કાર્યક્રમ શરૂ કરતા પહેલા લગત આરોગ્ય કર્મચારી, શિક્ષક, આશા તેમજ આંગણવાડી કાર્યકર/વર્કર અને બાળકો ના વાલી ને આ કાર્યક્રમની તાલીમ આપવાની રહેશે.

પ્રતિ,
આચાર્યશ્રી
માધ્યમિક ઉ.મા. શાળા તમામ
તાત્કાલિક જાણ તથા અમલવારી સારૂ

Dist. Education Officer
For BHAVNAGAR.

Scanned by CamScanner

- દરેક સ્કુલ તેમજ આંગણવાડી કક્ષાએ બેનરો લગાવવા. દરેક તાલુકામાં દરેક ગામની શાળામાથી તા.07/02/2019 ના રોજ બાળકો દ્વારા રેલીનું આયોજન કરવાનું રહેશે અને કરેલ કામગીરીના ફોટોગ્રાફ અત્રેની કચેરીએ મોકલવાના રહેશે.
- તેમજ ડીવોર્મિંગ બુથ/સાઇટ ખાતે સરકારી/અર્ધસરકારી તેમજ અન્ય શાળા અને આંગણવાડી ખાતે બુથ બેનર લગાવવાના રહેશે.
- તેમજ દરેક બુથ/સાઇટ ખાતે રીપોટીંગ ફોરમેટ બે-બે નકલ અચુક રાખવાના રહેશે.
- કામગીરી પુર્ણ થયે શાળા, આંગણવાડી તેમજ આશાબેનો દરેક પોતાને ત્યા કરવામાં આવેલ કામગીરીનું રીપોર્ટીંગ કરવાનું રહેશે અને ANM/FHW/MPHS/MPW દ્વારા PHC સેન્ટર સુધી પોહ્ચાડવાનુ રહેશે .
- રીપોર્ટ ની એક કોપી દરેક શાળા તથા આંગણવાડી સેન્ટર પર રાખવાની રહેશે.
- આ તમામ કામગીરી આરોગ્ય, આઇ.સી.ડી.એસ. તેમજ શિક્ષણ વિભાગના સંકલન થી કરવાની રહેશે.

કૃમિનાશક દવા (આલ્બેન્ડાઝોલ) આપવા માટે ઉમર પ્રમાણેના ડોઝ:

(૧) ૧ થી ૨ વર્ષ સુધીના બાળકોને ૨૦૦ મિ.ગ્રા.(૪૦૦ મિ.ગ્રા. ગોળીની અડધી ગોળી) આપવી.

(૨) ૨ વર્ષથી મોટી ઉમરના તમામ બાળકોને આલ્બેન્ડાઝોલની ૪૦૦ મિ.ગ્રા.ની એક આખી ગોળી આપવી.

ખાસ નોંધ: કોલેજના પહેલા વર્ષના તમામ બાળકોને આ રાઉન્ડ દરમ્યાન આવરી લેવાના રહેશે.

બિડાણ: ૧) માઈક્રોપ્લાન ફોરમેટ

૨) રીપોર્ટીંગ ફોરમેટ( આશા, સ્કુલ, આગણવાડી અને પી.એચ.સી.)

| | | | |
|---|---|---|---|
| જિલ્લા શિક્ષણ અધિકારી,<br>જિલ્લા પંચાયત ભાવનગર | પ્રોગામ ઓફીસર,<br>આઇ.સી.ડી.એસ., જિલ્લા<br>પંચાયત ભાવનગર | જિલ્લા પ્રાથમિક શિક્ષણ<br>અધિકારીશ્રી,ભાવનગર<br>જિલ્લા પંચાયત ભાવનગર | સભ્ય સચિવ, DHS<br>અને મુખ્ય જિલ્લા આરોગ્ય<br>અધિકારી,જિલ્લા પંચાયત,<br>ભાવનગર |

નકલ સવિનય રવાના :-

૧) અધિક નિયામકશ્રી (પ.ક.), આરોગ્ય તબીબી સેવાઓ અને ત.શિ. (આ.વિ.) - ગાંધીનગર. O/C

૨) માન. નિયામકશ્રી, પ્રાથમીક અને માધ્યમીક શિક્ષણ- ગાંધીનગર.

૩) માન. નિયામકશ્રી, (આઇ.સી.ડી.એસ.) મહીલા અને બાળ વિકાસ - ગાંધીનગર.

૪) વિભાગીય નાયબ નિયામશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ - ભાવનગર.

૫) માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત - ભાવનગર

નકલ રવાના:-

૧) સ્ટેટ ન્યુટ્રીશન સેલ- ગાંધીનગર.

૨) જિલ્લા આર.સી.એચ. અધિકારીશ્રી, ભાવનગર.

૩) જિલ્લા કક્ષાના લાયઝન ઓફીસરશ્રી......તમામ.

૪) આર.પી.એ. ન્યુટ્રીશન, ભાવનગર.

Scanned by CamScanner